e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 147
June 13, 2008

## રાંદેર ઝોન ની કામગીરી

તા.૦૫/૦૬/૦૮ના રોજ રાંદેરઝોનમાં જહાંગીરપુરા  વોર્ડમાં સાઈટ એન્ડ સવિર્સ ઝુંપડપટ્ટીમાં બાળમેલા કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં કાર્યપાલક ઈજનેરશ્રી આર.બી.ગામીત, આસી.આરોગ્ય અધિકારી , ર્ડા.એ.પી.ભટ્ટ તથા આરોગ્ય વિઘાગ,વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ, એસ.ટી.ડી.કેર, ટી.બી. વિભાગના કાર્યકરો, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પિટલની મે–૨૦૦૮ની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં મે માસ દરમ્ યાન ૧૦૬૯૩ ઈન્ડોર તથા ૩૯૩૩૭ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૭૯૧ તથા ૪૬૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૪૨૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૩૮૭ અને જુના ૫૧૪ દર્દીઓ સહીત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમની સ્થાપના ૧ ફેબ્રુઆરી ૧૮૯૦ના રોજ ચોકબજારમાં આવેલ ગાંઘીબાગના મકકાઈપુલ તરફના છેડા પર આવેલા એક નાનકડાં મકાનમાં થઈ હતી, તે સમયે સંગ્રહાલય વિન્ચેસ્ટર મ્યુઝિયમના નામથી ઓળખાતું હતું. શરૂઆતમાં મ્યુઝિયમમાં કાષ્ઠકોતરણીના નમુનઓ સંગ્રહિત કરવામાં આવ્યા હતા .

વધુ માટે કલીક કરો >>>>>>

## મેલેરીયા વિરોઘી માસ



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને " મેલેરિયા વિરોઘી માસ " તરીકે ઉજવવા નકકી  કરેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ  કેળવાય અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વાહકજન્ય  રોગો  નિયંત્રણની કામગીરી પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૦૭/૦૬/૨૦૦૮ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## અમરોલી બ્રીજ  દુર્ઘટના

કતારગામ અને અમરોલીને જોડતાં, તાપી નદી પરનાં નિર્માણાઘીન પુલનાં અમરોલી  તરફનાં છેડા પર તા.૦૮/૦૬/૨૦૦૮ ચાલુ કામગીરી દરમ્યાન પીઅર નં. ૧૨ અને૧૩ ની વચ્ચેનાં સ્પાનનો ગર્ડર,કોક્રીટીંગ દરમ્યાન, અકમસ્માતે પડી જતાં દૂઘટના થયેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૦૮/૦૬/૨૦૦૮ ના રોજ કતારગામ અને અમરોલી જોડતા તાપી નદી પરના નિર્માણાધિન પુલના અમરોલી તરફના છેડા પર થયેલ દુર્ઘટના બાબત

તા.  ૦૮/૦૬/૨૦૦૮ ના બપોરે ૩ :૪૫ કલાકે કતારગામ અને અમરોલી જોડતા તાપી  નદી પરના નવા બંઘાય રહેલ પુલના અમરોલી તરફના છેડા પર પીઅર નં.૧૨ અને ૧૩ ની વચ્ચેના સ્પાનનાં  ગર્ડરનું કોન્ક્રીટ કામગીરી દરમ્યાન અકસ્માતે પડી જવાની દુર્ઘટના બનવા પામેલ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## નાના વરાછા ગામમાં ખાડીની જગ્યા પર કરેલ દબાણ દુર કરવા તેમજ ટી.પી. સ્કીમ નં. ૫૩ (મગોબ–ડુંભાલ) માં ઝુંપડાં દુર કરવા બાબત

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં આજરોજ નાના વરાછા (ગામતળ)માં આવેલ પીરખાવડી કબ્રસ્તાનની બાજુમાં આવેલ ખાડીમાં પંરાણ કરી જગ્યા સમતળ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## અમરોલી કતારગામ વચ્ચે બંધાયેલ રહેલા બ્રીજના અકસ્માતબાદ ક્રોકીંટ તથા લોખંડનો ભંગાર વિગેરે દુર કરવા બાબત

તાપી નદી ઉપર હયાત અમરોલી બ્રીજની બાજુમાં નવો બ્રીજ બનાવવાની કામગીરી દરમ્યાન તા.૦૮/૦૬/૨૦૦૮ નાં રોજ અમરોલી કીનારા તરફના સ્પાન નં.–૧૨ તથા પી–૧૩ વચ્ચેના ગર્ડરની  ક્રોકીંટીંગની ચાલુ કામગીરી દરમ્યાન ગર્ડર બેસી જવાની ઘટના પામેલ. ઘટનાની તપાસ અર્થે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજયના પોલિસી અને પ્લાનીંગ વિભાગના ચીફ એન્જીનિયર, એસ.વી.એન.ટી., સુરતના તજજ્ઞો તથા સી.ઈ.આઈ.એલ નવી મુંબઈના તજજ્ઞોની બનેલી તપાસ સમિતિની નિમણૂક કરવામાં આવેલ. સદર કમિટિ ભ્વારા તા.૦૯/૦૬/૨૦૦૮નાં રોજ સ્થળ તપાસ કરી પ્રાથમિક તારણ રીપોર્ટ આપેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૧૦/૦૬/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ અને દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોન ની કામગીરી

તા.૦૫/૦૬/૦૮ના રોજ રાંદેરઝોનમાં જહાંગીરપુરા વોર્ડમાં સાઈટ એન્ડ સર્વિસ ઝુંપડપટ્ટીમાં બાળમેલા કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં કાર્યપાલક ઈજનેરશ્રી આર.બી.ગામીત, આસી.આરોગ્ય અધિકારી , ર્ડા.એ.પી.ભટ્ટ તથા આરોગ્ય વિધાગ,વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ, એસ.ટી.ડી.કેર, ટી.બી. વિભાગના કાર્યકરો, આંગણવાડીના કાર્યકર, સુપરવાઈઝર,સી.ડી.પી.ઓ હાજર રહેલ હતા. કાર્યક્રમ દરમ્યાન બાળકો, સર્ગભા બહેનો અને ધાત્રી માતાઓને આરોગ્ય વિષયક જાણકારી,મેડીકલ ચેક અપ અને રસીકરણ કરવાની કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કુલ ૨૨૮ બાળકો, ૧૯ સગર્ભા બહેનો, ૧૮ ધાત્રી બહેનોનું મેડીકલ ચેક અપ કરી સંદભ સેવાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત સામાન્ય બિમારી જણાતા ૨૦૩ જેટલા લાભાર્થીઓને સારવાર આપવામાં આવી હતી. ૧૯ બાળકોને વિવિધ રસીઓ આપવામાં આવી હતી.

TOP

## સ્મીમેર હોસ્પિટલની મે–૨૦૦૮ની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં મે માસ દરમ્યાન ૧૦૬૯૩ ઈન્ડોર તથા ૩૯૩૩૭ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૭૯૧ તથા ૪૬૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૪૨૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૩૮૭ અને જુના ૫૧૪ દર્દીઓ સહીત કુલ–૯૦૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૯૫૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૦૩ તથા આંખ વિભાગમાં ૨૫૯૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૧૧૦૭૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમની સ્થાપના ૧ ફેબ્રુઆરી ૧૮૯૦ના રોજ ચોકબજારમાં આવેલ ગાંધીબાગના મકકાઈપુલ તરફના છેડા પર આવેલા એક નાનકડાં મકાનમાં થઈ હતી, તે સમયે સંગ્રહાલય વિન્ચેસ્ટર મ્યુઝિયમના નામથી ઓળખાતું હતું. શરૂઆતમાં મ્યુઝિયમમાં કાષ્ઠકોતરણીના નમુનઓ સંગ્રહિત કરવામાં આવ્યા હતા. સમય જતાં મ્યુઝિયમમાં નમૂનાઓ વધતા ગયા અને ઈ.સ.૧૯૫૨માં સુરત સુધરાઈના શતાબ્દી મહોત્સવમાં સૌ પ્રથમ મ્યુઝિયમનાં નમૂનાંઓનું પ્રદર્શન સર જે.જે.ટ્રેનિંગ કોલેજમાં કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દરમ્યાન સ્થાનિક રહેવાસીઓ દ્વારા ઘણી બધી વસ્તુઓ મ્યુઝિયમને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. કલાકૃતિઓનો સંગ્રહ વધતો ગયો એટલે એક નવી જગ્યા શોધતા ચોકબજાર ખાતે હાલના સ્થળે ૧૯૫૬માં મ્યુઝિયમ ખસેડવામાં આવ્યું અને તે સમયે મ્યુઝિયમને સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ નામ આપવામાં આવ્યું.

આ મ્યુઝિયમમાં હાલમાં સંગ્રહિત ૮,૦૦૦ જેટલી દુર્લભ કલાકૃતિઓમાંથી ૭૫% જેટલી કલાકૃતિઓ સુરત શહેરીજનો તરફથી ભેટ સ્વરૂપે પ્રાપ્ત થઈ છે. જે આનંદ અને ગૌરવની બાબત છે. મ્યુઝિયમાં ખાસ કરીને તાંબા પિતળના નમુના, પોર્સિલીન,લાકડા અને સુખડકામના નમુના, હાથીદાંતના નમુના વિગેરે કલાકૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા સીટીલાઈટ રોડ ખાતે આકારિત સાયન્સ સેન્ટર, મ્યુઝિયમ, પ્લેનેટેરિયમમ,આર્ટગેલેરીના પ્રોજેકટ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમનું અત્યાધુનિકરણ ટુંક સમયમાં કરવામાં આવનાર છે, જેનો લાભ શહેરીજનો ઉપરાંત બીજા શહેરોમાંથી આવતા મુલાકાતીઓ દ્વારા થશે. સુરત મહાનગરપાલિકા ધ્વારા નવા સાકારિત થઈ રહેલા મ્યુઝિયમને આધુનિક ઢબથી સજાવી વધુ કલાત્મક અને સંસ્કૃતિસભર બનાવવા ઉત્તમોત્તમ અને દુર્લભ કલાકૃતિઓથી સજાવટ કરવાથી તે વધુ સુંદર તથા આકર્ષક થશે. આથી શહેરીજનોને નમ્ર અપીલ કરવામાં આવે છે કે મ્યુઝિયમને વધુ સમૃધ્ધિસભર બનાવવા વ્યકિતગત કે સંસ્થા દ્વારા ભેટ સ્વરૂપે યોગદાન આપી આપણાં સુરતનાં મ્યુઝિયમને ગુજરાતનું જ નહી પરંતુ ભારતભરનું શ્રેષ્ઠ મ્યુઝિયમ બનાવીએ.

TOP

# મેલેરીયા વિરોધી માસ



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને '' મેલેરિયા વિરોધી માસ '' તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગો નિયંત્રણની કામગીરી પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૦૭/૦૬/૨૦૦૮ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું. જે સવારે ૯—૦૦ કલાકે સદર રેલી કતારગામ હેલ્થ સેન્ટરથી બાળ અનાથશ્રમ રોડ થઈ કતારગામ બસ સ્ટેન્ડ થઈ વાળીનાથ ચોક સુધી રાખવામાં આવેલ હતી. રેલીનું પ્રસ્થાન માનનીય મેયરશ્રી ર્ડા.કનુભાઈ માવાણી ના હસ્તે લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીમાં ડે. મેયરશ્રી કૌશિકાબેન દેસાઈ, શાસક નેતાશ્રી જગદીશભાઈ પટેલ, રૂગ્ણાલય સમિતિ ના ચેરમેનશ્રી પિયુષભાઈ શિવશકિતવાલા, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી જે.પી. શાહ તથા અન્ય સમિતિના ચેરમેનશ્રી તથા કોર્પોરેટરશ્રી, ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હો.) ર્ડા. આઈ. સી. પટેલ, ડેપ્યુટી કમિશનરશ્રી (પ. અને ઈ.)શ્રી સી.જે.ગામીત, આરોગ્ય અધિકારીશ્રી ર્ડા. હેમંત દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, ઈ.ચા. જંતુનાશક અધિકારી, આસી.જંતુનાશક અધિકારીઓ તેમજ વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારી ગણે ભાગ લીધો હતો.રેલીને ઉદ્દબોધન કરતા માનનીય મેયરશ્રીએ જણાવ્યું કે, મહાનગરપાલિકા મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા લઈ રહી છે, ત્યારે આ રોગના અટકાયત માટે પ્રજા પણ જાગૃત થાય અને સાથ—સહકાર આપે તે જરૂરી છે. વધુમાં જયારે સુરત શહેરની ભૌગોલિક સ્થિતિ જોતાં અહીં વરસાદ, ભેજનું પ્રમાણ વધુ હોય, તેમજ પરપ્રાંત્રમાંથી રોજી—રોટી મેળવવા સુરત આવતા કામદારો વિગેરેને કારણે મેલેરિયાની પરિસ્થિતી વણસે નહિ તે માટે મહાનગરપાલિકાને સતત ચાંપતી નજર રાખવી પડે છે. વધુમાં તેમણે જણાવ્યું કે ,હજી લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ. ઘર આગળ પાણીના ખાબોચીયા ન થવા દેવા જોઈએ. પાણી ભરેલા વાસણો અઠવાડીયે એક વાર સાફ કરી અવાચુસ્ત ઢાંકણ/કપડાથી ઢાંકવા જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ, જેવી રસપ્રદ માહિતી આપી હતી.

રેલીના માપન બાદ આરોગ્ય સમિતિના ચેરમેનશ્રીએ વાહકજન્ય રોગો વિષે વિસ્તૃત માહિતી આપી હતી, તેમાં મેલેરીયા, ડેંગ્યુ,ચિકુનગુનિયા અને હાથીપગા જેવા મચ્છરજન્ય રોગો વિષે મીડીયાને માહિતગાર કરેલ હતા, અને જાહેર જનતાને અનુરોધ કરેલ કે મચ્છરજન્ય રોગોને નિયંત્રણ માં રાખવા આપણા સર્વેની જવાબદારી છે. ઘરની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ વડે પેક રહે તથા ધાબા પર રહેલ ટાયર,કંટેનરનો નિકાલ કરવો જોઈએ. ધાબાનું લેવલ સરખું કરવાથી પાણીનો સહેલાઈથી નિકાલ થઈ જાય.

સમગ્ર રેલીનું આયોજન મ્યુ.કમિશનરશ્રીની સુચનાનુસાર (હે. અને હો.) ર્ડા.આઈ.સી. પટેલના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.જંતુનાશક અધિકારી ર્ડા. કે.જી. વૈષ્ણવ અને તેમના સ્ટાફના સાથ—સહકાર ધ્વારા કરવામાં આવેલ હતું.

TOP

## અમરોલી બ્રીજ દુર્ઘટના

કતારગામ અને અમરોલીને જોડતાં, તાપી નદી પરનાં નિર્માણાધીન પુલનાં અમરોલી તરફનાં છેડા પર તા.૦૮/૦૬/૨૦૦૮ ચાલુ કામગીરી દરમ્યાન પીઅર નં. ૧૨ અને૧૩ ની વચ્ચેનાં સ્પાનનો ગર્ડર,કોંક્રીટીંગ દરમ્યાન, અકસ્માતે પડી જતાં દૂર્ઘટના થયેલ છે.

આ દૂર્ઘટના દરમ્યાન કોંક્રીટીંગ કરવામાં આવતો ગર્ડર તથા તેની બાજુમાં જ આવેલ, અગાઉ થી કાસ્ટ થયેલ,ગર્ડર તૂટી પડેલ છે. થયેલ અકસ્માત અંગે ઈજારદારનાં પ્રતિનિધિ ના જણાવ્યાનુસાર કુલ આઠ(૮) ઈસમોને નાની–મોટી ઈજા થવા પામેલ છે. અને તેઓ સારવાર હેઠળ છે. જયારે એક ઈસમનું મૃત્યુ થવા પામેલ છે. અન્ય ઈસમોને પણ ઓબ્ઝર્વેશન હેઠળ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મયુનિસીપલ કમિશનરશ્રીનાં જણાવ્યાનુસાર આ અકસ્માત અંગે આવતીકાલે, નિષ્ણાંતોની એક તપાસ સમિતિની રચના કરી આ અકસ્માતનાં તકનીકી કારણો ની વિગતવાર તપાસણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ તપાસ સમિતિમાં રાજય સરકારનાં માર્ગ અને મકાન વિભાગનાં કવોલીટી કંટ્રોલ સેલનાં પ્રતિનિધિનો પણ સમાવેશ કરવામાં આવશે.

TOP

## તા.૦૮/૦૬/૨૦૦૮ ના રોજ કતારગામ અને અમરોલી જોડતા તાપી નદી પરના નિર્માણાધિન પુલના અમરોલી તરફના છેડા પર થયેલ દુર્ઘટના બાબત

તા. ૦૮/૦૬/૨૦૦૮ ના બપોરે ૩ :૪૫ કલાકે કતારગામ અને અમરોલી જોડતા તાપી નદી પરના નવા બંધાય રહેલ પુલના અમરોલી તરફના છેડા પર પીઅર નં.૧૨ અને ૧૩ ની વચ્ચેના સ્પાનનાં ગર્ડરનું કોન્ક્રીટ કામગીરી દરમ્યાન અકસ્માતે પડી જવાની દુર્ઘટના બનવા પામેલ હતી. આ દુર્ઘટનાની જાણ તુરંત જ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓ મ્યુનિ. કમિશનરશ્રી સહિત સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તેમજ મા.કલેકટરશ્રી , એડી.કલેકટરશ્રી,ડે.કલેકટરશ્રીઓ તથા મા. મેયર શ્રી ડૉ. કનુભાઈ માવાણી, ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી જગદીશભાઈ પટેલ, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ પટેલ સહિત પદાધિકારીશ્રીઓ ઘટના સ્થળે પહોંચી ગયેલ તથા રાહત કાર્યમાં સહભાગી થયેલ. આ દુર્ઘટનાની જાણ પોલીસ કમિશનરશ્રીને પણ તાકીદે કરવામાં આવેલ છે. ફાયર બ્રિગેડના જવાનો ધ્વારા તાકીદે રાહત અને બચાવ કામગીરીને કારણે વિશેષ જાનહાનિ અટકાવી શકેલ છે. તેમ છતાં આ દુર્ઘટનામાં ૦૮ વ્યકિતઓને નાની–મોટી ઈજા થવા પામેલ જયારે એક વ્યકિત નામે સતિષ જમુરા ગોયાનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ અને અન્ય ૦૭ ને સામાન્ય ઈજા વિગેરેને કારણે સ્મીમેરમાં સારવાર આપેલ છે. જયારે ઈજાગ્રસ્તોને સ્મીમેર હોસ્પીટલ–નવી સીવીલ હોસ્પીટલમાં વિના મુલ્યે સારવાર આપવામાં આવેલ, તેઓની હાલત હાલમાં સુધારા પર છે. રાત્રે ૯ :૦૦ કલાકે મા. મયુનિ. કમિશનરશ્રી તથા મા. કલેકટરશ્રીએ ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી.

રાહત બચાવ કાર્યોમાં ફાયર બ્રિગેડ સાથે સ્થાનિક લોકોએ પણ ખુબ જ સહકાર આપેલ હતો. પોલીસ સ્ટાફે ઘટના સ્થળે તેમજ હયાત પુલ ઉપર ટ્રાફિકની વ્યવસ્થા તેમજ શાંતિ જાળવવામાં પ્રશંસનીય કામગીરી કરેલ. મા. કલેકટરશ્રીની સુચના મુજબ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ક્રેઈન ઘટના સ્થળે મંગાવવામાં આવેલ હતી. રાત્રે ૮ :૩૦ કલાકે રાહત બચાવની કામગીરી પૂર્ણ થતા મટીરીયલના સેમ્પલ વિગેરે લઈ દુર્ઘટનાની તપાસ થઈ શકે તે માટે મ્યુનિ. કમિશનરશ્રીએ તપાસ સમિતિની રચના કરેલ હતી. તપાસ સમિતિ ધ્વારા તપાસની કામગીરી સવાર થી જ શરૂ કરવામાં આવેલ છે.

સદર પુલના કામે થયેલ અકસ્માતના કારણો અંગે ખાત્રી કરીને રીપોર્ટ આપવા અને ભવિષ્યમાં આવા પ્રકારના પ્રોજેકટમાં તકેદારીના વધારાના પગલા લેવા જરૂરી સુચનો કરવા માટે રચવામાં આવેલ ટેકનીકલ કમિટીમાં સરદાર વલલભાઈ નેશનલ ઈન્સીટયુટ ઓફ ટેકનોલોજી (કઅદયતલ્ ‍ સુરત,સર્ટીફિકેશન એન્જીનીયર્સ ઈન્ટરનેશનલ લીમીટેડ, નવી મુંબઈ તથા રાજય સરકારશ્રીના રોડ અને બિલ્ડીંગ વિભાગ –ડિઝાઈન સર્કલનાં તજજ્ઞોનો આ સમિતિમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેનો રીપોર્ટ દિન–૦૭ ની અંદર રજુ કરવામાં આવનાર છે.

દુર્ઘટનાની જાણ થતાં આજ રોજ બપોરે મા.મંત્રીશ્રી પંચાયત, ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મા.મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલે ઘટના સ્થળની મુલાકાત લઈ જાત માહિતી મેળવી હતી.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર વ્યકિતના વારસદારને રૂા. ૫૦,૦૦૦/– તેમજ ઈજા પામેલા વ્યકિતઓને રૂા. ૫,૦૦૦/– મેયર્સ ફંડમાંથી, મેયર્સ ફંડ સમિતિની મંજુરીની અપેક્ષાએ મંજુર કરી ચુકવવા મા. મેયરશ્રીએ મા. કમિશનરશ્રીને જણાવેલ છે. તથા તેવી જાહેરાત કરેલ છે.

TOP

## નાના વરાછા ગામમાં ખાડીની જગ્યા પર કરેલ દબાણ દુર કરવા તેમજ ટી.પી. સ્કીમ નં. ૫૩ (મગોબ–ડુંભાલ) માં ઝુંપડાં દુર કરવા બાબત

(૧) સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં આજરોજ નાના વરાછા (ગામતળ)માં આવેલ પીરખાવડી કબ્રસ્તાનની બાજુમાં આવેલ ખાડીમાં પંરાણ કરી જગ્યા સમતળ કરવામાં આવેલ છે, અને આ જગ્યામાં મોતીનગર પાસે ટી.પી. રસ્તા પર બેસતા શાકભાજીના પાથરણાવાળાઓને ખસેડવાનું આયોજન છે પરંતુ આ ખાડીની જગ્યાનામાં શ્રી અમરતભાઈ ભરવાડનો ગાય, ભેંસનો તબેલો આવેલ છે જેમાં તેઓને હાલમાં ઈંટના ચણતરની દિવાલ લઈ પાકુ બાંધકામ શરૂ કરતા આશરે ૨૦૦ ચો.ફુટ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતર કામ કરવામાં આવેલ છે તથા આજ તબેલાની બાજુમાં આવેલ મિલ્કતદાર ધ્વારા તેઓના મકાનની આગળ કંપાઉન્ડવોલનું બાંધકામ કરતા, આશરે ૧૫ લંબાઈની દિવાલનું બાંધકામ પણ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

(૨) વધુમાં ટી.પી. સ્કીમ નં.૫૩ (મગોબ–ડુંભાલ)માં ડુભાલ ટ્રાન્સપોર્ટ ગોડાઉન પાસેના કેનાલ રોડ પર અગાઉ હટાવવામાં આવેલ ઝુંપડા પૈકી નવા બનેળ ઝુંપડાઓ આજરોજ કરવામાં આવેલ છે.

TOP

## અમરોલી કતારગામ વચ્ચે બંધાયેલ રહેલા બ્રીજના અકસ્માતબાદ ક્રોકીંટ તથા લોખંડનો ભંગાર વિગેરે દુર કરવા બાબત

તાપી નદી ઉપર હયાત અમરોલી બ્રીજની બાજુમાં નવો બ્રીજ બનાવવાની કામગીરી દરમ્યાન તા.૦૮/૦૬/૨૦૦૮ નાં રોજ અમરોલી કીનારા તરફના સ્પાન નં.–૧૨ તથા પી–૧૩ વચ્ચેના ગર્ડરની ક્રોકીંટીંગની ચાલુ કામગીરી દરમ્યાન ગર્ડર બેસી જવાની ઘટના પામેલ. ઘટનાની તપાસ અર્થે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજયના પોલિસી અને પ્લાનીંગ વિભાગના ચીફ એન્જીનિયર, એસ.વી.એન.ટી., સુરતના તજજ્ઞો તથા સી.ઈ.આઈ.એલ નવી મુંબઈના તજજ્ઞોની બનેલી તપાસ સમિતિની નિમણૂક કરવામાં આવેલ. સદર કમિટિ ભ્વારા તા.૦૯/૦૬/૨૦૦૮નાં રોજ સ્થળ તપાસ કરી પ્રાથમિક તારણ રીપોર્ટ આપેલ. પ્રાથમિક તારણ મુજબ ગર્ડર માટેના લોખંડના સ્ટેર્જીંગ ઉભા કરવા માટે જરૂરી પેડેસ્ટલના અનઈવનસેટલમેન્ટને કારણે ઉત્પન્ન થયેલ અનઈવન મુવમેન્ટને કારણે આવી ઘટના બનેલ હોવાનું જણાય છે. ખાસ કરીને કેટલાક પેડસ્ટલ પીઅર નં. ૧૨ તરફનું ઢોળાવવાળી જમીન ઉપર જે હતા તેની નીચેની સોઈલ નદીના પાણીને લીધે ભેજવાળી થવાથી અનઈવન સેટલમેન્ટ થવાને કારણે ગર્ડર બેસી જવાનું અને અકસ્માતનું કારણ જણાય છે.

વધુમાં સદર સ્પાન નં. પી–૧૨ અને પી–૧૩ ની વચ્ચેનો આશરે ૯ દિવસ પહેલા તા.૩૦/૦૫/૨૦૦૮ નાં રોજ ક્રોક્રીંટ કરવામાં આવેલ મધ્યમ ગર્ડરના કુલ ૧૧ કોર સેમ્પલ લેવામાં આવેલ છે. આ ગર્ડરની બાજુમાં ભરાતા/ક્રોકીંટ કરાતા ગર્ડરના ચાલુ કામે ઘટના પામેલ હતી. તજજ્ઞોના જણાવ્યા મુજબ ક્રોકીંટ સ્ટ્રેન્થાને આ અકસ્માત માટે કારણભૂત જણાતું નથી.

વધુમાં તેઓને આ ગર્ડરનું ક્રોકીંટ વિગેરે દૂર કરવાની સુચના આપેલ જેથી તૂટી ગયેલ ગર્ડર સ્ટેર્જીંગ વિગેરેના મલબો /ક્રોક્રીંટ વિ.દૂર કરવાની કામગીરી રાત દિવસ ચાલુ કરવામાં આવેલ છે. આ માટે ક્રોક્રીંટના બ્રેકીંગના માટે ૩ સે.બી. બ્રેકર, ૨ ટ્રેકટર ક્રોપ્રેસર બ્રેકર, હાઈડ્રોક્રેઈન તથા રીલાયન્સ અને એસ્સાર કું.તરફથી ૧૦૦ ટન કેપેસીટીની બે ક્રેઈન અને ૪૦ ટન કેપેસીટીની એક ક્રેઈન સહિતની મશીનરીઓ તથા આશરે ૭૦ થી ૭૫ જેટલા બેલદારો લગાવી કાર્યવાહી પૂરજોશમાં દિવસ રાત સતત ચાલુ રાખેલ છે. આ કામગરી અંદાજે ૫૦% જેટલી પૂર્ણ થયેલ છે. ક્રોકીટ તથા લોખંડનો ભંગાર વિગેરે દૂર કર્યા બાદ નિયુકત તપાસ સમિતિ ધ્વારા જરૂરી સ્થળ નિરીક્ષણ તેમજ બાકી ચકાસણી કરી અંતિત રીપોર્ટ રજુ કરવામાં આવશે.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૧૦/૦૬/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ અને દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૨૫ (સીંગણપોર–ટુંકી),ફાઈનલ પ્લોટ નં.૧૦૭, યુટીલીટી સેન્ટરનાં રીઝર્વેશન વાળી જગ્યામાં મિલ્કતદાર ધ્વારા મંદિર/આશ્રમ બનાવવાનાં ઈરાદે ઓગર કરી, ગ્રાઉન્ડ બીમ ભરી,લોખંડના કોલમ ઉભા કરી બાંધકામ શરૂ કરવામાં આવેલ, તમામ બાંધકામ નોર્થઝોન (કતારગામ) શહેરવિકાસ અને દબાણ વિભાગ ધ્વારા દુર કરવામાં આવેલ અને આશરે ૪૫૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરાવવામાં આવેલ.

ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ), ફાઈનલ પ્લોટ નં.૭, લક્ષ્મીદર્શન એપાર્ટમેન્ટની આગળ માર્જીનવાળા ભાગમાં બોમ્બે પાંઉભાજીની દુકાનવાળાએ પતરાના શેડ બનાવી તથા શુભ સેલ્સ ઈલેકટ્રોનિકસે ટાટા સ્કાયનું હોર્ડીંગ્સ લગાવી દબાણ કરેલ જે દબાણ નોર્થઝોન (કતારગામ)નાં શહેર વિકાસ અને દબાણ વિભાગ ધ્વારા દુર કરી આશરે ૫૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ.

વધુમાં આ સમગ્ર કામગીરી દરમ્યાન અત્રેના દબાણ સ્ટાફ ધ્વારા કુલ–૧૨ આઈટમ/આર્ટીકલ અત્રે લેવામાં આવેલ છે.

TOP